વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી

૧૫ જુન-૨૦૧૭
અંક નં. ૫૪




શ્રી અનંત કે. શાહ (બાબાભાઈ)નું સન્માન



શ્રી અશ્વિનભાઈ પંડ્યાનું સન્માન



રૂબેલા રસીકરણ

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો


Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 June - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# શ્રી અનંત શાહ (બાબાભાઈ) ને 'પ્રેરણા એવોર્ડ' અર્પણ

તા. ૮-૫-'૧૭ ના રોજ અમરેલી ખાતે, અમરેલી જિલ્લા અંધજન પ્રગતી મંડળ દ્વારા યોજાયેલ એક સમારોહમાં, પી.એન.આર. સોસાયટીના ફાઉન્ડર ટ્રસ્ટી અને મંત્રી શ્રી અનંતરાય કે. શાહ (બાબાભાઈ) ને **'સ્વ. બાબુભાઈ બાબવાણી પ્રેરણા એવોર્ડ'**, વિશાળ સંખ્યામાં સંસ્થાના કાર્યકરો-હોદ્દેદારોની ઉપસ્થિતિમાં, અધ્યક્ષશ્રી શશીભાઈ વાઘર દ્વારા અર્પણ કરવામાં આવેલ હતો. જેમાં એવોર્ડ અને રૂા. અગિયાર હજારની ધનરાશી સામેલ હતી. પરંતુ શ્રી બાબાભાઈએ એ ધનરાશીમાં પોતાના વતી રૂા. એક હજાર ઉમેરી સંસ્થાને ડોનેશનરૂપે પરત આપેલ હતું.

વિવિધ વકતાઓએ શ્રી બાબાભાઈની, વિકલાંગો માટેની દીર્ઘકાલીન સેવાઓને બિરદાવી **'સમાજ સેવાના એક આદર્શ દ્રષ્ટાંત'** રૂપ દર્શાવ્યાં હતાં.

શ્રી બાબાભાઈએ પોતાના વકતવ્યમાં, નમ્રભાવે એવોર્ડનો સ્વીકાર કરતાં કહયું કે, ''સર્વ કાર્યકર્તાઓ અને દાતાઓના સહકારથી આ વિકલાંગોના ક્ષેત્રે કાર્ય થઈ શકયું છે.''

આ પ્રસંગે અંધજન પ્રગતી મંડળના અધ્યક્ષ શ્રી દિનેશભાઈ ગાંધી અન્ય હોદ્દેદારશ્રીઓ તથા ખાસ ભાવનગરથી, શ્રી લાભુભાઈ સોનાણી (મંત્રીશ્રી, એન.એ.બી., ભાવનગર), શ્રી કિરીટભાઈ રાઠોડ (સહ મંત્રી), શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા (ખજાનચી, પી.એન.આર. સોસાયટી), શ્રી ધીરૂભાઈ ધંધુકિયા (પૂર્વ પ્રિન્સિપાલ, મહિલા કોલેજ, ભાવનગર), શ્રીમતી ઈલાબેન શાહ વિગેરે ઉપસ્થિત રહયાં હતાં.



# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . ૦૪
- સંસ્થાના મંત્રીશ્રીનું સન્માન . . . . . ૦૫
- અન્ય સંસ્થા સમાચાર . . . . . . . . ૦૫
- સક્સેસ સ્ટોરી - મ્યુઝિક થેરાપી . . ૦૬
- સાફલ્ય ગાથા - સી.પી. સેન્ટર . . . ૦૭
- મહિલા સશક્તિકરણ યોજના. . . . ૦૭
- વાંચકો લખે છે . . . . . . . . . . . ૦૭
- સ્વરાનંદ કાર્યક્રમ . . . . . . . . . . ૦૮
- ફિલ્મી ગીતોનો કાર્યક્રમ . . . . . . ૦૮
- વિવિધા. . . . . . . . . . . . . . . ૦૯
- શિક્ષક : પરિવર્તનનો સર્જક. . . . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૨
- બહેરાં મૂંગા શાળામાં વર્કશોપ . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૫
- જાખેલા વિશાલની એક બંધ આંખની દુર્લભ સર્જરી . . . . . . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૬
- વાંચકો લખે છે . . . . . . . . . . ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૭
- સાંસ્કૃતિક સિદ્ધિઓ . . . . . . . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-PRV . . . . . . ૧૮
- પી. એન. આર. હૉસ્પિટલમાં દાંતના ઝડબાનું ઑપરેશન . . . . . ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-TTC . . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- 'પાર્કિન્સન્સ ડે' ની ઉજવણી . . . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨
- ભાવાંજલિ . . . . . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## વિકલાંગોને સામાન્ય શાળામાં એડમિશન

ભારતમાં લાંબા સમયથી વિકલાંગોની સાર-સંભાળ અને શિક્ષણમાં સેવાતી ઉપેક્ષાઓ અને કેટલીક ખામીઓ, છેલ્લી લોકસભાએ સર્વાનુમતે પસાર કરેલાં, **"રાઈટ ટુ પર્સન વીથ ડિસેબિલિટી એક્ટ-૨૦૧૬"** દ્વારા મહદ અંશે દૂર થઈ છે. કારણ કે આ નવો કાયદો વિકલાંગોને અધિકાર, સાર-સંભાળ, ક્વોલિટી ઈન્ક્લુઝિવ એજ્યુકેશન અને શોષણ સામે રક્ષણની ખાત્રી આપે છે.

ગુજરાત સરકારે પણ, આ **એક્ટ-૨૦૧૬** ના ગુજરાતમાં અમલ માટે ખૂબ જ ઝડપી મિટિંગોનો દોર અને નિર્ણયો લીધા છે. જેમાં એક હુકમ, 'ચાલુ વર્ષથી જ, માધ્યમિક અને ઉ. માધ્યમિકની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ, (સરકાર માન્ય) દરેક શાળાઓમાં **વિકલાંગોને એડમિશન** આપવાનો' કર્યો છે, તે ખૂબજ આવકાર્ય છે. હવે સામાન્ય સ્કૂલમાં વિકલાંગોને શિક્ષણ માટે ના નહીં પાડી શકાય. તેમજ **વિકલાંગોના શિક્ષકો**ની ભરતી પણ, સામાન્ય સ્કૂલોમાં થવાના દ્વાર હવે ખૂલી રહયાં છે.

આ સાથે પી.એન.આર. સોસાયટીમાં દિવ્યાંગો માટે વધુ બે સુવિધાઓ, **કે. એન. શાહ તળાજાવાળા (મુંબઈ) ટ્રસ્ટ**ના આર્થિક સહયોગથી આ વર્ષે શરુ થઈ રહી છે, જેમાં **૧૯ વર્ષથી** ઉપરના, જેને વય મર્યાદાના કારણે સ્કૂલમાં રાખી શકાતાં નથી, તેવી ગંભીર વિકલાંગતા ધરાવનારાઓ માટે **"ડે કેર સેન્ટર"** અને **ગુજરાતની સૌ પ્રથમ ઓટિઝમ બાળકોની ડે સ્કૂલ** છે, જે પણ દિવ્યાંગો અને તેના વાલીઓ માટે આશીર્વાદરૂપ બનશે.

✍ **કિરીટ રાઠોડ**

What is the use of living a day or two more in this transitory world? It is better to wear out than to rust out – specially for the sake of doing the least good to others.


**- Swami Vivekanand**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૫૪**
  ૧૫ જુન - ૨૦૧૭
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **શશીકાંત વડિયા**
  **આરિફ જેઠવા**
  **નીતા રૈયા**
  **હિના મહેતા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ KLD Roundup

Admission process for Nursery to STD. XII (Commerce) has since begun in the K. L. Institute for the Deaf (KLD). Simultaneously, admission for children with Cochlear Implants is also on. It is gratifying to mention that with 94.10% result in STD. X the KLD has shined.

Housed in the KLD premises and administered by the KLD Management organised a Workshop on "Classroom Teaching Strategies & Techniques' during 28 – 29 April, 2017 wherein Mumbai-based Smt. Lataben Nayak delivered a detailed and interesting discourse. Shri Santosh Yadav, Co-ordinator of the college brought honour to the college and KLD by getting a position of Inspector in Patel Shikshan Samiti, Hardai (U.P.). He also participated in national workshop on 'Qualitative Research Method' in Chennai. 'Krishnalila' staged by the students of KLD on 295th Birthday of Bhavnagar, under auspices of Vallabh Youth Organization and Iscon Mega City earned acclaim from people at large.

### ◈ FELICITATIONS

Shri Anant K. Shah popularly known as Bababhai was presented **Late Babubhai Babvani Prerana Award** from Shri Amreli Jilla Andhjan Pragati Mandal, Amreli on 8th May, 2017.

Shri Ashwin Pandya, Secretary of the KLD, was felicitated with a memento and citation by Rotary Club of Vapi for organizing camps for artificial limbs and knee-braces all over the country.

Hon. Treasurer of Ankur School for Mentally Retarded Children was felicitated for his voluntary long services to the school by Vyo Vallabh Youth Organization.

### ◈ ANKUR SHINES IN SPORTS

Children of Ankur School for Mentally Retarded participated in State Level sports competition and bagged 5 gold medals and 4 silver medals in various games.

### ◈ Events in C. P. School

RCI designated inspectors – Shri Vasimbhai and Smt. Anjuben took round the school and witnessed imparting of education and training to C. P. wards.

Two-Day Training Programme for special educators was organized under the guidance of Dr. Aloka Guha, renowned consultant on Disability.

### ◈ Parkinson's Day Celebrated

World Parkinson's Day was celebrated by organising Entertainment Programme by the Parkinson's, of the Parkinson's and for the Parkinson's on 11th April, 2017 in the Mahavir Auditorium of the KLD.

### ◈ Other Activities

Prevention programmes and activities of PNR Hospital, PRV Workshop, AT&T Technology Park, important news, success stories of associated institutions and departments, obituary, etc. are carried in this issue.



સિદ્ધિ

# શ્રી ખી. લ. બહેરાં મૂંગા સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાનું રોટરી કલબ દ્વારા સન્માન

શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા સંચાલિત, **પ્રભાકુંવરબેન વાઘર કૃત્રિમ સાધન સહાય કેન્દ્ર** દ્વારા, ભારતભરમાં **કૃત્રિમ હાથ-પગ** અને **ની-બ્રેસના** કેમ્પ યોજવામાં આવે છે. જેમાં ખૂબજ બહોળી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો છે અને લઈ રહયા છે. કૃત્રિમ હાથ-પગનો આવો જ એક કેમ્પ તા.૨૧ થી ૨૭ એપ્રિલ દરમિયાન વાપીમાં યોજાયો. જેમાં **એકસોથી** વધુ લાભાર્થીઓને, રોટરી કલબના સહયોગથી **કૃત્રિમ હાથ-પગ** બેસાડવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે યોજાયેલ સમારંભમાં શ્રી કે. એલ. ઈન્સ્ટીટયુટ ફોર ધી ડેફના સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પંડયાને આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રમાણપત્ર અને સ્મૃતિચિહન આપી, શાલથી સન્માનિત કરવામાં આવ્યાં. રોટરી કલબના વાપીના પ્રમુખ શ્રી હર્ષદભાઈ, મંત્રીશ્રી તથા પ્રોજેકટ ઈન્ચાર્જ શ્રી સંજયભાઈ દેસાઈ તેમજ સંલગ્ન આગેવાન, ઉદ્યોગપતિઓ, શ્રી હિંમતભાઈ (વલસાડ), નવસારી વગેરેએ હાજર રહી આ માનદ્ પ્રવૃત્તિને ખૂબ-ખૂબ બિરદાવી હતી.



શ્રી અશ્વિનભાઈ પંડયા છેલ્લાં **૨૫** વર્ષથી પી.એન.આર. સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને નિઃસ્વાર્થભાવે સેવા આપી રહયાં છે. તેઓશ્રીએ અગાઉ **પોલિયો નાબૂદી** અને **વિકલાંગતા અટકાવ કાર્યક્રમ** ના **માનદ્ કો-ઓર્ડિનેટર** તરીકે સુંદર કામગીરી બજાવેલ છે.

અન્ય સંસ્થા સમાચાર

### શ્રી પ્ર.સ. કોઠારી બહેરાં-મૂંગા વિવિધલક્ષી વિદ્યાલયમાં

# મૂક-બધિર બાળકોનો પ્રવેશ બાબત

છેલ્લાં ૪૭ વર્ષથી બાળવર્ગથી ધો. ૮ સુધીની નિવાસી શાળા ચલાવીએ છીએ. બાળકોને શિક્ષણ,ઔદ્યોગિક તાલીમ તથા રહેવા-જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે આપવામાં આવે છે. શાળાનું નવું સત્ર જૂન-૨૦૧૭થી શરૂ થનાર હોય બાળવર્ગથી ધો. ૮ માટે સંસ્થા તથા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઈચ્છુકે મંત્રીશ્રી પ્ર.સ. કોઠારી બહેરાં-મૂંગા વિવિધલક્ષી વિદ્યાલય-મહેશભાઈ કોઠારી માર્ગ, વિજલપોર, તા.જલાલપોર, જિ. નવસારીમાં રૂબરૂમાં અથવા પોસ્ટથી ફોર્મ મેળવી સંસ્થામાં તા.૪/૬/૨૦૧૭ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

**વધુ માહિતી માટે ફોન નં. (૦૨૬૩૭) ૨૮૩૮૬૦ / ૨૮૩૭૮૫ તથા મોબાઈલ નં. ૯૮૨૫૭૩૦૯૩૭ તથા ૯૮૨૫૧૩૫૯૨૭ ઉપર સંપર્ક કરવો.**

# શ્રી કે. એસ. દેઢિયા મૂક-બધિર શાળા - સોલા

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આયોજિત **૨૦ મો દિવ્યાંગનગર રમોત્સવ** માં, શ્રી કે. એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યા મંદિર, સોલાના મૂક-બધિરોએ ભાગ લીધેલ, જેમાંથી નીચેના બાળકો વિજેતા થઈ સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

જેમાં લકુમ અલ્પેશ સી. **ગોળા ફેંકમાં પ્રથમ**, મારુ માનસી ડી. **૫૦ મીટર દોડમાં** અને **બેજ બોલમાં પ્રથમ**, વાતુકીયા લક્ષ્મિ ડી. **૭૦ મીટર દોડમાં પ્રથમ** નંબર પ્રાપ્ત કરેલ છે, આ તમામ મેડલ મેળવનાર બાળકોને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

સક્સેસ સ્ટોરી

# (મ્યુઝિક થેરાપી, 'અંકુર' સ્કૂલ)

✍ **ડૉ. ભાવનાબેન અંધારિયા,** (મ્યુઝિક થેરાપિસ્ટ), 'અંકુર' શાળા



**નામ: હેત બાબુલભાઈ ઠાકર**
ઉંમર : ૧૫ વર્ષ
વર્ગ : પ્રાયમરી ૧ આઈ.કયુ. ૩૦ થી ૩૫ (૯૦%) એમ.આર.

**"હેત"** પોતાના નામના જ ગૂણ ધરાવતો હેત, સ્વભાવે શાંત અને નિરૂપદ્રવી છે. ભગવાનના સાનિધ્ધમાંજ જન્મ અને ઉછરીને મોટો થઈ રહયો છે તેવો હેત, જાણે ભગવાનનું જ નાનું રૂપ લાગે તેવો છે. હેત, ગોવર્ધનનાથજી-હવેલી (ભાવનગર) ના મુખિયાજીનો દિકરો છે. જેથી તે હવેલીમાં જ રહે છે. પરિવારમાં માતા-પિતા તથા મોટી બહેનનો અવિરત પ્રેમ મળતો રહે છે. તથા હવેલીએ આવતાં જતાં દરેક સંતો, મહંતો અને ભકતોને તે પ્રિય છે.

સહુનો પ્રિય હેત, એક "મંદબુધ્ધિ" બાળક છે. અને મંદબુધ્ધિની સાથે જ તેને શારીરિક તકલીફો પણ છે. સ્પીચની તકલીફને કારણે તે બોલી શકતો નથી. સવા વર્ષની ઉંમરે એક વાર આંચકી આવ્યાં બાદ, તેનું જીવન બદલાય ગયું છે. કોઈપણ વસ્તુ મોડી શીખી શકે, બોલી ન શકે, બીજા પર આધારિત જીવન, શારીરિક રીતે નાજૂક અને કૂમળો હોવાથી અને બેલેન્સની તકલીફ હોવાથી, તેને કોઈને પકડીને ચાલવું પડે, બહુ દોડી ન શકે, જાતે જમી પણ ન શકે, સતત લાળ પડે, તેવી સ્થિતિમાં હેત જીવન પસાર કરી રહયો છે, પણ છતાં મૂખ-મુદ્રા ખૂશ-ખૂશાલ.



જાણે ઠાકોરજીની સેવા કરતી હોય તેજ રીતે તેની માતા સુનંદાબેન હેતને સાચવે, શાંતિથી તેને બધું શીખવે. હેત ૮ વર્ષનો થયો ત્યારે તેનું 'અંકુર' શાળામાં એડમિશન થયું અને તેનું ૪ વર્ષથી નિયમિત શાળાએ આવવાનું શરૂ થયું. અલગ-અલગ પ્રવૃત્તિઓની સાથે તેને મ્યુઝિક થેરાપી આપવાનું પણ શરૂ થયું. થોડાં દિવસમાં હેતમાં રહેલી પ્રતિભા અને તેની પસંદગીનો ખ્યાલ મને આવવા લાગ્યો. હવેલીના કીર્તન, હાલરડાંની જેમ સાંભળીને મોટો થતો હેત, કીર્તન સાંભળવા કલાકો સુધી બેસી રહેતો. ભજન ગાતાં કલાકારોની બાજુમાં બેસી તે અનુકરણ કરતો થઈ ગયો હતો. જયારે કોઈ ન હોય ત્યારે તબલા, ઝાંઝ, મંજીરા, હાર્મોનિયમ સાથે તે રમતો, હેતના તો રમકડાં અને મિત્રો જ, આ વાદ્યો હતાં અને તેથીજ 'અંકુર' માં આવ્યાં બાદ, તેને મ્યુઝિક થેરાપી રૂમ ખૂબજ ગમે છે.

રમતા-રમતા સંગીત જેવા અદ્‌ભૂત વિષયમાં પડેલો હેત, આજે તબલાંની તાલિમ લેતો થઈ ગયો છે. **ખૂબજ શકિતશાળી વ્યકિત** તબલાં વગાડતો હોય તેવો અનુભવ થાય છે. પોતાની અસ્પષ્ટ ભાષામાં તાલના બોલ પણ બોલતો જાય છે. અને તબલાંમાં તે તાલને વગાડવાનો પ્રયત્ન કરે છે. હેતને લાંબા સમય સુધી તબલા વગાડવામાં થાક લાગતો નથી. માઈક ન હોય તો પણ, તેના તબલાં વાદનનો ધ્વનિ ઘણે દૂર સુધી સાંભળી શકાય તેવો જોરદાર હોય છે. ૧૨ વર્ષની વયે આજે પણ પેન્સિલ પકડવાની તકલીફ ધરાવતો હેત સંગીત બાબતે જાણે ભગવાનના સંપૂર્ણ આશીર્વાદ મેળવીને આવ્યો હોય તેવું લાગે છે. 'અંકુર' શાળામાં આવી હેતને જાણે યોગ્ય દિશા મળી હોય તેવું લાગે છે. સંગીતમાં કોઈ પારંગત કલાકાર સમકક્ષ તે ભલે ન બની શકે, પણ સંગીતની મદદથી બીજી ઘણી બધી પ્રવૃત્તિઓમાં તે સ્વતંત્ર બની શકે તેવી શકયતાઓ દેખાય છે. આજે મ્યુઝિક થેરાપિસ્ટ, ફિઝિયો થેરાપિસ્ટ, વર્ગ શિક્ષક તથા તેના ઘરના સભ્યોના અથાગ પ્રયત્નો અને પ્રયાસો પર હેત ખરો ઉતરતો જાય છે. તે સ્વતંત્ર રીતે ચાલી શકે છે, પગથિયા ચડી ઉતરી શકે છે. જાતે જ જમી શકે છે. થોડું-થોડું દોડી શકે છે, કપડાં પહેરતાં શિખી રહયો છે. બીજા બાળકો સાથે મળી દરેક પ્રવૃત્તિમાં ભાગ લેતો થયો છે. હેતનો સંગીત પ્રેમ તેનામાં આત્મશકિત, શાંતિ, નિર્મળતા, પ્રેમ, એકાગ્રતા, સંપ, શીખવાની તૈયારી, આદેશનું પાલન જેવા ગુણોનો વિકાસ કરે છે. જે તેના પરિવારજનોના જીવનના એવા મધુર સ્વપ્નો સમાન હશે જેને પૂર્ણ થતાં જોઈ તેના પરિવારના દરેક સભ્યોની આંખમાં હર્ષના આંસુ આવી જાય છે.

સાફલ્ય ગાથા

# સી. પી. સેન્ટર, શિહોર

✍ જીજ્ઞાબહેન શાહ



**નામ: વાઘેલા રોશન રમેશભાઈ**
ઉંમર : વર્ષ : ૫ વર્ષ
ગામ: ધાંધળી, તા. શિહોર, જિ. ભાવનગર.

આ બાળકનો જન્મ અધૂરા (સાત) માસે થયો હોવાથી, બાળકને ૧૦-૧૫ દિવસ ઓકિસજન અને કાચની પેટીમાં રાખવો પડયો અને તેનો વિકાસ પણ મોડો થયો હતો. આ બાળકની દોઢ વર્ષની વયથી **શિહોર સેન્ટર** માં ફિઝીયોથેરાપી સારવાર શરૂ કરી છે. અને આ ત્રણ વર્ષ દરમ્યાન બાળકમાં નીચેના સુધારા જોવા મળે છે.

| સારવાર પહેલાં | સારવાર પછી |
|---|---|
| ૧. બાળક ધોડો-ધોડો ચાલતું ન હતું. | ૧. તે હવે ધોડો-ધોડો ચાલે છે. |
| ૨. ઉભડક બેસી શકતું ન હતું. | ૨. તે હવે ઉભડક બેસી શકે છે. |
| ૩. ટેકો લઈને પણ ઉભું થઈ શકતું ન હતું. | ૩. તે હવે ટેકો લઈને ઊભું થઈ શકે છે. અને વોકરની મદદથી ચાલી પણ શકે છે. |

# શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતકરણ યોજના

તા.૧૯/૫ ના રોજ, **શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશકિતરણ યોજના** અન્વયે, નટરાજ કોલેજ ખાતે, સિવણ / બ્યુટીપાર્લર તાલિમવર્ગના કુલ ૪૦ વિકલાંગ લાભાર્થી બહેનોનો **સર્ટિફિકેટ વિરતણ** કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીગણ, આમંત્રિત મહેમાનો તથા લાભાર્થી બહેનોએ ઉપસ્થિત રહીને સફળ બનાવ્યો હતો. જેમાં શ્રી અનંત કે. શાહ, શ્રી અનંત એ. શાહ, શ્રી ધીરૂભાઈ ધંધુકિયાએ 'વિકલાંગ બહેનોને વધુ રોજગારી કઈ રીતે મળે અને વધુ સારી રીતે પગભર થઈ પોતાનો વિકાસ સાધી શકે', તે અંગેની માહિતી આપી હતી. શ્રી જિતુભાઈ મહેતા, શ્રી પારસભાઈ શાહ તથા શ્રી જિજ્ઞાબેન શાહે, કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, સર્વે બહેનોને શુભેચ્છા પાઠવી હતી. જયારે શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા આભારવિધિ કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી નરેશભાઈ અજમેરા તથા શ્રી નમ્રતાબેન દ્વારા કરવામાં આવેલ. લાભાર્થી બહેનોને રોજગારલક્ષી માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવેલ. આ લાભાર્થી બહેનોમાંથી સુતરિયા સંગીતાબેન, કરકર દયાબેન દ્વારા, પોતાના પ્રતિભાવ રજૂ કરવામાં આવ્યાં હતાં.

## વાંચકો લખે છે

તા.૨૧/૪/૨૦૧૭ ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે, મહાવીર ઓડિટોરિયમમાં યોજાયેલ, **જૂના ફિલ્મી ગીતોના** કાર્યક્રમ મેં મન ભરીને માણ્યો હતો. બધાં જ કલાકારો ઉત્કૃષ્ટ કક્ષાના હતાં. મહેમાન કલાકાર દંપતી શ્રી શશાંકભાઈ ભટ્ટ તો પ્રશંસાપાત્ર છે, સ્થાનિક કલાકારોનો મને આજે પ્રથમ વખત પરિચય પ્રાપ્ત થયો. તેઓ પરિપકવ કલાકારો છે. શિક્ષણ, સાહિત્ય, કલાની પ્રવૃત્તિઓને યથાવકાશ સંસ્થાના ઉપક્રમોમાં સ્થાન આપીને, આપ ભાવનગરની સાંસ્કૃતિક ચેતનાને સંકોરવાનું કાર્ય કરો છો, તે નોંધવું ગમે છે.

**- અજય પાઠક, ભાવનગર**

આપના અંકો દ્વારા આપની સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે ઘણી માહિતી જાણવા મળે છે. સમાજમાં અપંગોની- વિકલાંગોની સેવા દ્વારા, **સમાજ ઋણ** ચૂકવવાની તક મળે છે તેમહું માનું છું.

**- ધીરજલાલ મણિયાર**, પ્રમુખશ્રી, શ્રી ધ્રાંગધ્રા વાંચક પરિવાર

# સ્વરાનંદ કાર્યક્રમ

પી.એન.આર. સોસાયટી સંલગ્નિત, શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના મહાવીર ઓડિટોરિયમમાં તા. ૨૧/૪/૧૭ ની રાત્રે, વરિષ્ઠ નાગરિકોની રૂચિ મુજબનું એક માત્ર મનોરંજન, એટલે **જૂના ફિલ્મી યુગ** ના પ્રારંભના સૂર સમ્રાટ કે.એલ. સેહગલ, હેમંતકુમાર, મહમ્મદ રફી, મુકેશ, ગીતાદત્ત, એસ.ડી. બર્મન વિ. ના સુમધુર ગીતો, અમેરિકા સ્થિત કલાકાર શ્રી શશાંકભાઈ ભટ્ટ, શ્રીમતી કિરણબેન, સંસ્થાના કલાકારો ડૉ. ભાવનાબેન અંધારિયા, શ્રી વૈશાલીબેન શુકલ, શ્રી રેશ્માબેન શાહે આ **સ્વરાનંદ** નો કાર્યક્રમ રજૂ કરેલ હતો. સંસ્થાના વરિષ્ઠજનો, શહેરના સુજ્ઞશ્રોતાઓ તથા કર્મચારીગણ માટે રજૂ કરાયેલ આ મનોરંજન કાર્યક્રમનો શુભારંભ ડૉ. ભાવનાબેન અંધારિયા દ્વારા ગવાયેલ પ્રભુ પ્રાર્થનાથી થયેલ હતો. મહેમાન કલાકારોનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરાવવામાં આવેલ. **કરાઓકે ના ટ્રેક** પર શ્રી શશાંકભાઈ અને કલાકારો દ્વારા ગવાયેલ સુપ્રસિધ્ધ ગીતોએ પ્રેક્ષકોને ડોલાવી



દીધાં હતાં. સંસ્થાના મંત્રીશ્રી અનંતભાઈ કે. શાહ અને શ્રી મફતભાઈ શાહ દ્વારા કલાકાર દંપતિનું સન્માન કરી, શ્રી શશાંકભાઈ ભટ્ટને મેમેન્ટો અર્પણ કરવામાં આવેલ. જેનું વાંચન શ્રી કે.ડી. પડિયાએ કરેલ હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી યુવરાજસિંહ રાણા, આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા તેમજ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન માટે, શ્રી મફતભાઈ શાહે ખૂબ જહેમત ઉઠાવી હતી.

# લોકપ્રિય ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ભાવનગરની પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થા પરિવાર માટે, નટરાજ કોલેજ કેમ્પસ ખાતે, તા. ૩૦ એપ્રિલના રોજ ડૉ. કુહાડિયા અને સુપ્રસિધ્ધ ડૉક્ટર વૃંદ દ્વારા, **લોકપ્રિય ફિલ્મી ગીતોનો કરાઓકે** ના ટ્રેક તથા વિશાળ પડદા પર કાર્યક્રમ શાનદાર રીતે રજૂ કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં સર્વશ્રી મફતભાઈ, જીતુભાઈ મહેતા, અલ્પેશભાઈ શેઠ, આનંદભાઈ શાહ, રાજુભાઈ હકાણી, ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, વિશિષ્ટ શિક્ષકો, દિવ્યાંગ બાળકો અને વાલીઓ તથા શહેરના સુજ્ઞ શ્રોતાગણ ઉપસ્થિત રહેલ હતાં.

સંસ્થામાં પ્રથમ વખત સંગીતની રસ લહાણ પીરસવા માટે પધારેલ તબીબી તજજ્ઞોએ, પોતાના પ્રોફેશનમાંથી સમય કાઢી, સંસ્થામાં હિન્દી ફિલ્મોના મનોરંજક ગીતો રજૂ કરેલ હતાં. સંગીત વૃંદના મુખ્ય કલાકાર ડૉ. એન.પી. કુહાડિયા, ડૉ. ચૈતાલી શાહ ((એનેસ્થેસિયોલોજીસ્ટ), ડૉ. અમિત બલર (એમ.એસ. ઓપ્થેલમોલોજીસ્ટ), ડૉ. શિત્તલ ધંધુકિયા (ફિઝિયોથેરાપિસ્ટ), શ્રીમતી નેહાબેન નાયક (સંગીત વિશારદ), ડૉ. ચિરાગ નાયક




(રેડિયોલોજીસ્ટ), ડૉ. રણજીત ચૌધરી (એમ.ડી., પી.જી. ડી.એમ.એસ.) શ્રીમતી ઓમ્નીબા કિશનસિંહ તુવર (બી.ટેક. કોમ્પ્યુટર એન્જિનિયર), ફરદીન આરિફ નુમહીયા, (ફેશન ડિઝાઈનર) વિગેરેનું સંસ્થાના વડિલોના હસ્તે, શાબ્દિક, પુષ્પગુચ્છ અને મેમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ હતું. આ સફળ કાર્યક્રમની રજૂઆત, આતિથ્ય અને આભારવિધિનો કાર્યભાર, સહકાર્યકરોના સહકારથી, સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા વહન કરવામાં આવેલ હતો.

વિવિધા


# વિશ્વના એક માત્ર વિકલાંગ રાષ્ટ્રપતિ લેનિન મોરેનો



**દક્ષિણ અમેરિકાના દેશ ઈક્વાડોર માં દિવ્યાંગ લેનિન મોરેનો રાષ્ટ્રપતિ ચૂંટાઈ આવ્યાં છે. કોઈ વિકલાંગ વ્યક્તિનું રાષ્ટ્રપતિનું પદ સંભાળવું એ સમગ્ર વિશ્વમાં એક અનેરી બાબત છે. વિકલાંગ હોવા છતાં તેમણે ૧૦ પુસ્તકોનું સંકલન કર્યું છે. તેમને સંયુક્ત રાષ્ટ્રમાં વિકલાંગોના રાજદૂત નિયુક્ત કરવામાં આવ્યાં હતાં. તેમણે જીવનના દરેક પાસામાં ઉમ્મીદથી સંબંધ જોડયો અને આજે તે દેશના રાષ્ટ્રપતિ સાથે સમગ્ર વિશ્વમાં એકમાત્ર વિકલાંગ રાષ્ટ્રપતિ છે.**

**વિકલાંગોના રાષ્ટ્રીય સંગઠને, લેનિન મોરેનોને ઈક્વાડોરના રાષ્ટ્રપતિ ચૂંટાવા બદલ અભિનંદન આપ્યાં હતાં.**

## પી.એન.આર. સોસાયટીના દાતા, રાષ્ટ્રના દાતા તરીકે ઝળકે છે



આપણી સંસ્થાના વેલ વિશર્સ અને દાતાશ્રી જનાર્દનભાઈ ભટ્ટે, તાજેતરમાં રૂા. એક કરોડ જેવી માતબર રકમ **ડિફેન્સ ફંડ** માં અર્પણ કરી પોતાની **રાષ્ટ્રીય ભાવના** નો ઉમદા પરિચય આપ્યો છે. કોઈ પણ જાતની પ્રસિધ્ધિ વગર આ પહેલાં પણ અનેકવિધ સંસ્થાને સહાય કરનાર ૮૫ વર્ષના શ્રી જનાર્દનભાઈ અને તેમના ધર્મપત્નિ પદ્માબેનના આવા સદ્ વિચાર અને કાર્યોને બિરદાવતાં, આપણી પી.એન.આર. સંસ્થા તેઓનું દિર્ઘાયું અને તંદુરસ્ત જીવન ઈચ્છા છે.

## બિન-અધિકૃત શિક્ષકો દ્વારા દિવ્યાંગોને ભણાવનાર પર કાર્યવાહી થશે

ભારતીય પુન:વર્સન પરિષદના આદેશનુસાર, વિશિષ્ટ/દિવ્યાંગ બાળકો ભણાવતાં **અનધિકૃત શિક્ષકો** ની ખેર નથી. તેઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે બધાંજ રાજય સરકરોને પત્રો લખ્યાં છે. કારણ કે આનું નુકશાન દિવ્યાંગો અને વાલીઓને થાય છે. આટલે ન અટકતા મંદબુધ્ધિ અને બહેરાં-મૂંગાની સારવાર પણ અનધિકૃત સંગઠનો કરવા લાગ્યાં છે, એવી ફરિયાદો આવે છે. આવી વ્યક્તિ ઉપર કાનૂની કાર્યવાહીની જવાબદારી જિલ્લા કલેકટરની છે, જે મોનિટરિંગ અને નિરીક્ષણનું કામ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપનિર્દેશક અને સહાયક નિર્દેશકને આપવામાં આવેલ છે, આવું શ્રી અરૂણ ચતુર્વેદી (સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી) **રાજસ્થાન પત્રિકા** સીકરમાં જણાવે છે.

## જન્મથી હાથ-પગ નથી છતાં સફળતાના શિખરે

એ સ્વપ્ને પણ વિચારવું મુશ્કેલ હોય છે કે કોઈ વ્યક્તિ જેના બંને હાથ અને પગ ન હોય તે, લાખો લોકોને **મોટિવેટ** કરી, તેમના જીવનને ખુશહાલ બનાવવાનું કામ કરે છે. આ કહાની છે ૩૨ વર્ષના **નિક વુજિસિસ** ની, જે એક મશહૂર ઓસ્ટ્રેલિયન **મોટિવેશનલ સ્પીકર** છે. નિક એક અત્યંત દુલર્ભ જન્મજાત વિકાર **ટેટ્રા-અમેલિયા સિન્ડ્રોમ**થી પીડિત છે. જેના કારણે તેમને ન તો પગ છે અને ન હાથ. ફકત જમણા હિપ્સ પર એક નાનો પગ છે, જે તેમને બેલેન્સ બનાવી રાખવામાં મદદ કરે છે. તેઓ પાતાના પગની આંગળીથી ટાઈપ કરી શકે છે, ચીજ ઉઠાવી શકે છે અને ત્યાં સુધી કે બોલને કીક મારી શકે છે. તેઓ સ્વીમિંગ અને સૂકાઈ ડાઈવિંગ પણ કરે છે. તેમની **મોટિવેશનલ સ્પીચ** સાંભળવા લાખો લોકો આવે છે. નિક અત્યાર સુધી **૫૦ દેશો**ની મુલાકાત લઈ ચૂકયાં છે. **- સૌજન્ય : ફૂલછાબ**



વિવિધા

# પોલિયોમાં પગ ગુમાવનાર યુવાને જયારે કલા-કારીગરીમાં મહારત મેળવી

## માળિયા મિંયાણાના કોકાભાઈ દસાડિયા અનેક દિવ્યાંગોના પ્રેરણામૂર્તિ બન્યા છે

'કુદરત માનવી પાસેથી કોઈ મહત્વનું અંગ છીનવી લ્યે ત્યારે તે માનવી, મનોબળને મહત્વનું અંગ બનાવી કુદરતે આપેલી ચેલેન્જને, બહુમુખી પ્રતિભા વિકસાવી, પાર પાડતો હોય છે.' સમાજમાં આવા અનેક દાખલાઓ પૈકી એક માળિયા મિંયાણા ગામમાંથી બહાર આવ્યો છે. જેમાં પોલિયોમાં પગ ગુમાવનાર તરૂણે, હિંમત હાર્યા વગર અનેક ક્ષેત્રે આગળ વધી પોતાના નામ સાથે ગામનું નામ પણ રોશન કર્યું છે. **"પંખો સે કુછ નહીં હોતા હૌંસલો સે ઉડાન હોતી હૈ"** ઉકિતને સાર્થક કરતી આ ઘટના કંઈક આવી છે.

માળિયા મિંયાણાના વેજલપર ગામે રહેતા **કોકાભાઈ ઈશ્વરભાઈ દસાડિયા** જાતે મિસ્ત્રી, નાનપણથી જ કુદરતના કોપ સામે હિંમતથી, કોઈની પરવા કર્યા વગર, બંને પગે અપંગ હોવા છતાં સ્વમાનભેર જિંદગી જીવી રહયાં છે. કુદરતે અપંગ તો અનેકને બનાવ્યાં હશે, પરંતુ કોકાભાઈ આઠ વર્ષના હતાં, ત્યાં સુધી મિલ્ખાસિંગની જેમ દોડની રેસ લગાવવામાં માહિર હતાં અને દોડવામાં ફર્સ્ટ આવતાં. પરંતુ આઠમા વર્ષના અંતમાં, પોલિયોની ગંભીર બીમારીએ બંને પગ છીનવી લેતાં, પરિવારજનો પર આભ તૂટયું હતું. તેમના પિતા ઈશ્વરભાઈએ હિંમત રાખી અનેક દવાખાનામાં સારવાર લેવા છતાં દોડતાં ન થયાં. કોકાભાઈનું મુખ્યસૂત્ર છે **"ડર કે આગે જીત હૈ"** ની જેમ, તમામ કામમાં હાથ અજમાવી સાહસ કરે છે અને ઘરમાં તેમના પિતાને બને તેટલી મદદ કરે છે.

કોકાભાઈ બંને પગથી અપંગ હોવા છતાં, તમામ વાહનો સરળતાથી ચલાવી શકે છે તેમજ હાથકળામાં જાણીતાં હોવાથી તેના બાઈકને હાથથી કીક મારી ચાલું કરે છે અને સાઈકલ ઘોડીથી ચલાવે છે.

મિસ્ત્રી કામ અને મિકેનિકલ કામમાં ખૂબ જ સારું જ્ઞાન ધરાવે છે તેમજ તબલચી હોવાથી, તબલાં વગાડી લોકોને મૂગ્ધ બનાવે છે.

સિરામિક કારખાનામાં પણ કામ કરી ચૂકયાં છે જેથી **ઓલ રાઉન્ડર જિંદગી** જીવતા કોકાભાઈ મિસ્ત્રી, ગામમાં અનોખી લોકપ્રિયતા ધરાવે છે અને હિંમત હારનારા અપંગ ભાઈઓ-બહેનોને મિશાલરૂપ બની, પ્રેરણા પૂરી પાડી છે.

**- સૌજન્ય : ફૂલછાબ**

## દિવ્યાંગ કર્મચારીઓ માટે CCCની પરીક્ષા યોજવા પાંચ કેન્દ્રોને માન્યતા

રાજય સરકારના કર્મચારીઓ અને અધિકારીઓ માટે સીધી ભરતી તેમજ બઢતીથી નિમણૂંક વખતે, કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત **સીસીસી** અને **સીસીસી પ્લસ**ની પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત કરાયું છે, જેના ભાગરૂપે રાજયના નેત્રહીન અને **દિવ્યાંગ કર્મચારી અને અધિકારી**ઓ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી અને સીસીસી પ્લસની પરીક્ષા આપી શકે તે માટે, રાજયના પાંચ ઝોનમાં વિવિધ કેન્દ્રોને તા.૩૦-૬-૨૦૧૭ સુધી માન્યતા આપવામાં આવી છે, તેમ સામાન્ય વહીવટ વિભાગના એક ઠરાવમાં જણાવાયું છે.

તદ્અનુસાર કુલ પાંચ કેન્દ્રો ઠરાવવામાં આવ્યાં છે જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, **ભાવનગર** અને અમરેલી માટે રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના અંધજન કલ્યાણ ટ્રસ્ટ કેન્દ્રનો સમાવેશ કરાયો છે.

**- સૌજન્ય : ફૂલછાબ**

## દિવ્યાંગો માટે અનોખી વ્હિલચેર


તાજેતરમાં ફ્રાન્સમાં સંશોધકો દ્વારા દિવ્યાંગો (વિકલાંગો) માટે **'ટોપચેર-એસ'** નામની વ્હિલચેર વિકસાવવામાં આવેલ છે, આ ઈલેકટ્રોનિક વ્હિલચેરની ખાસિયત એ છે કે તેને ચાલવા માટે કે ઉપર નીચે જવા માટે સમતલ જમીનની જરૂર નથી. તે સરળતાથી દાદર ચડી શકશે. એક બટન દબાવવાથી વ્હિલચેર તેના કેટરપિલર મોડમાં આવી જશે. તેમાં લગાવવામાં આવેલ વ્હિલ એકટીવ થઈ જશે. જયારે સામાન્ય વ્હિલ ફોલ્ડ થઈ જશે. તે બે મિનીટમાં બાર જેટલા દાદરા ચડી જશે. દાદરા ચડવા કે ઉતરવામાં મુશ્કેલી નહીં આવે. તે દસ કિ.મી.ની ઝડપે ચાલે છે. એક વખત ચાર્જ કરો પછી ૪૭ માઈલ ચાલે છે. તેની કિંમત ૧૧ લાખ રૂપિયા થાય છે. તેમાં જોયસ્ટિક અને એડજસ્ટેબલ એલ.સી.ડી. આપવામાં આવેલ છે.

**- સંદર્ભ : સંદેશ**


# શિક્ષક : પરિવર્તનનો સર્જક

**શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ સારા શિક્ષકોના નિમાર્ણમાં ચાવીરૂપ ભૂમિકા નિભાવે છે. શિક્ષક-પ્રશિક્ષણની આ પ્રક્રિયા પ્રશિક્ષણાર્થીના વર્તનમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા બને છે**

✍ સંતોષ યાદવ




શિક્ષણ એ એક એવી સંસ્થા છે કે જેના દ્વારા રાષ્ટ્રના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં અપેક્ષિત પરિવર્તનો લાવી શકાય છે. શિક્ષણની તમામ પ્રક્રિયા, શિક્ષક સર્જિત હોય છે. શિક્ષણના દરેક સ્તરે અને દરેક તબક્કે શિક્ષકની ભૂમિકા મુખ્ય હોય છે. **વિદ્યાર્થીના જીવનની કેડી કંડારી તેના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપવું,** એ જ શિક્ષકનો મુખ્ય હેતુ હોય છે. માત્ર વિદ્યાર્થીના વિદ્યાકીય વિકાસ પૂરતી જ નહીં. પરંતુ વિદ્યાર્થીમાં ઉત્તમ નાગરિક બનવા માટેના મૂલ્યો અને ચારિત્ર્યના ઉત્તમ સિદ્ધાંતોને વિકસિત કરવાની જવાબદારી પણ શિક્ષકની હોય છે. કદાચ એટલે જ, આપણાં ભારતીય સમાજમાં શિક્ષકને માસ્તર કહ્યો છે કે, જે 'મા' ના સ્તરે જઈ, બાળકનો વિકાસ કરે છે. આપણે જાણીએ છીએ કે કેટલાંક શિક્ષકો સ્વયં કરતાં પણ, તેમના વિદ્યાર્થીઓની કાળજી રાખે છે, અને તેમની શિસ્ત માટે પ્રતિબદ્ધ રહે છે. શિક્ષણની આવી મજબૂત આધારશીલા, આવા પ્રેરણાદાયી શિક્ષકોથી પ્રેરિત થયેલાં વિદ્યાર્થી દ્વારા ઘડાતી હોય છે. આવા પ્રેરણાદાયી શિક્ષકો, વિદ્યાર્થીના વ્યક્તિગત ઉદ્દેશોને સામાજિક અને રાષ્ટ્રીય ઉદ્દેશો સાથે જોડીને, રાષ્ટ્ર વિકાસમાં ફાળો આપે છે. મારા વ્યક્તિગત અનુભવ પ્રમાણે જે શિક્ષક વિદ્યાર્થીની ખૂબ કાળજી લે છે, તે શિક્ષક, તેના વિષયવસ્તુને ખૂબ ઊંડાણથી જાણે છે અને તેને પ્રસ્તુત કરવાની કળા પણ જાણે છે. શિક્ષક હંમેશા વિદ્યાર્થી પાસે શ્રેષ્ઠ પરિણામની અપેક્ષા રાખે છે. સારા વાર્તાકારો અને પ્રદર્શનકર્તા પણ, તેના પ્રેક્ષકો પાસે તેમના તરફ કેન્દ્રિત ધ્યાનની અપેક્ષા રાખે છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થાના શિક્ષકો જયારે વિદ્યાર્થી સમક્ષ પ્રસ્તુત થાય છે ત્યારે, શ્રેષ્ઠ અધ્યાપન પદ્ધતિ અને પ્રયુક્તિઓનું પાલન કરે છે. જો શિક્ષક તાલિમબધ્ધ અને પ્રેરિત હોય તો તે, શિક્ષણના અભ્યાસક્રમના ઉદ્દેશોને સહજતાથી હાંસિલ કરી લે છે. આવા જ શિક્ષકો વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકોના અધ્યાપન માટે જરૂરી તમામ કૌશલ્ય હસ્તગત કરી, સતત વિકસતા રહીને, અધ્યાપનના નવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એવું વારંવાર જોવા મળ્યું છે કે, શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ સારા શિક્ષકોના નિમાર્ણમાં ચાવીરૂપ ભૂમિકા નિભાવે છે. શિક્ષક-પ્રશિક્ષણની આ પ્રક્રિયા પ્રશિક્ષણાર્થીના વર્તનમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા બને છે કે જે, અંતે પ્રશિક્ષણાર્થીના જ્ઞાન, કૌશલ્ય અને મનોવલણમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા બને છે. શિક્ષક-પ્રશિક્ષણાર્થી માટે ઉપયોગી તમામ કૌશલ્યના વિકાસનું માધ્યમ બને છે. શિક્ષક-પ્રશિક્ષણ શિક્ષણના વ્યવસાયમાં જોડાનારા માટે ખાસ અને અગત્યનો એવો તબક્કો છે કે જયાં પ્રશિક્ષણાર્થીને શિક્ષણની વિવિધ પધ્ધતિઓ પ્રયુક્તિઓનું વૈજ્ઞાનિક ઢબે શિક્ષણ આપી, તેમાં પારંગત કરવામાં આવે છે. વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો અને તેમાં પણ શ્રવણમંદ બાળકોના અધ્યાપન સમયે પ્રશિક્ષણાર્થી, શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ થકી જ શ્રેષ્ઠ શિક્ષણ પધ્ધતિ-પ્રયુક્તિનો અસરકારક ઉપયોગ કરવા સમક્ષ બને છે. આવા જ શ્રેષ્ઠ શિક્ષણ-પ્રશિક્ષણને મહત્વ આપી, શિક્ષણ-પ્રશિક્ષણમાં સતત નાવિન્યતા સભર અધ્યાપન અનુભવો આપવા માટે, તેમજ શ્રેષ્ઠ શિક્ષકની તાલિમ, કોલેજના તમામ તાલિમાર્થીઓને સતત મળતી રહે તેવા પ્રયત્નો,"ધ ઓપન પેજ-એજયુકેટર એવોર્ડ" સંસ્થા દ્વારા, ટીચર્સ ટ્રેનિંગ કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ અને શ્રેષ્ઠ-પ્રશિક્ષક તરીકે મને, "ટીચર્સ એજયુકેટર એવોર્ડ" દ્વારા સન્માનિત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડથી આપણી સંસ્થાને એક નવી ઓળખ મળી છે. આ એવોર્ડ સંસ્થાના ટ્રસ્ટીગણો-કર્મચારીગણોની સતત પ્રેમભરી હૂંફ-સતત આગળ વધવાની પ્રેરણા અને નવીનતમ વિચારોને આવકારવાની તેમની શૈલીનું જ પરિણામ છે. હું 'ધ ઓપન પેજ-અજયુકેટર એવોર્ડ' સંસ્થા, તેમજ શ્રી શાહ કે.એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - સંસ્થા અને તેમના ટ્રસ્ટીગણો, કર્મચારીગણોનો સદાય ઋણી રહીશ.





# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન :-



પી.એન.આર. સોસાયટી, ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ અંતર્ગત, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન **રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ**, નીચે એપ્રિલ થી મે ૨૦૧૭ - ૧૮ દરમ્યાન પાલીતાણા, તળાજા, ગારિયાધાર, વલ્ભીપુર તાલુકા નાં ગામડાઓમાં **૧૯** સ્કૂલ તથા કોમ્યુનિટીમાં મળીને કુલ **૧૭૬૦** ને, રૂબેલાની અવરનેસ આપવામાં આવેલ છે. તેમાં **૯૪૮** ને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ છે.

### ૨) ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :



એપ્રિલ થી મે ૨૦૧૭ - ૧૮ માં ડેફનેસ- બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, તળાજા તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત પી.એન.આર. સોસાયટીના પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ દ્વારા, પ્રાથમિક શાળાનાં ૧૭૬૯૬ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૩૬૭ બાળકોને **"રિફ્રેક્શન એરર"** હોય, તેને ૩૪૭ બાળકોને **ચશ્મા વિતરણ** વિનામૂલ્યે કરવામાં આવેલ. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા ૧૦ બાળકોને, કાનના પડદામાં કાંણાના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.


### ૩) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-




એપ્રિલ થી મે ૨૦૧૭ - ૧૮ બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૧૦૨** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ ૨૨ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૯ કપાયેલા હોઠના, ૨ તાળવામાં કાણાંના** ૪ હાઈપોસ્પિડિયા, તેમજ **૭** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાધવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહ્યાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ, ડૉ.નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### ૪) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

એપ્રિલ થી મે ૨૦૧૭ - ૧૮ દરમ્યાન પી.એન.આર.





હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ બે મહિનામાં શ્રી સત્યસાંઈ સેવા સમિતી ભાવનગર દ્વારા, **૪** નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું જેમા **૮૨૨** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપાં વગેરે વિતરણ કરેલ હતું. **૬૩** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૪૯** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૨૬** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.

## ૫) લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટર :-

એપ્રિલ થી મે ૨૦૧૭ દરમ્યાન આ સેન્ટરમાં, એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. જનક શાહ (પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સર્જન) દ્વારા, બાળકોની ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલવી વિગેરે આંખની તકલીફો, તેમજ આંખની અન્ય ખામીઓનું નિદાન-સારવાર વિનામૂલ્યે આપવામાં આવ્યું. આ કેમ્પમાં ભાવનગર જિલ્લા તેમજ આજુ-બાજુનાં જિલ્લાઓમાંથી વાલીઓ તેમનાં બાળકોને લઈને આવ્યાં હતાં તેમાં **૪૩** બાળકોની ઓ.પી.ડી. કરવામાં આવેલ. તે પૈકી **૧૬** બાળકોનાં ઓપરેશન કરી આપ્યાં. જેમાં ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલતી, Fundus & Refrection, Sac Syring વિગેરે સર્જન તદ્દન વિનામૂલ્યે, ડૉ. જનક શાહ દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવેલ.

## વર્કશોપ


બાહેરાં મૂંગા શાળામાં તા. ૨૮-૨૯ એપ્રિલ ૨૦૧૭ ના બે દિવસ માટે એક વર્કશોપ "**Classroom Teaching Strategies & Teachiques**" વિષય પર યોજવામાં આવ્યો હતો. જેમાં મુંબઈથી આવેલ શ્રીમતી લત્તાબેન નાયક દ્વારા વર્ગશિક્ષણ અંગે ખૂબજ ઉપયોગી અને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. શ્રીમતી લત્તાબેન નાયક કે જેઓને શ્રવણમંદોના શિક્ષણક્ષેત્રે **ત્રણ નેશનલ એવોર્ડ** મળ્યાં છે. તેમની સંસ્થામાં નર્સરીથી B.Com. સુધીનું શિક્ષણ આપે છે. શ્રવણમંદોના શિક્ષણના નિષ્ણાંત એવા લત્તાબેન નાયકનો વર્કશોપ ખૂબજ સફળ રહેલ છે.





# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. જન્મ દિવસની ઉજવણી :-



તા. ૨૬/૪ ના રોજ, પી.એન.આર. સોસાયટી સંચાલિત તળાજા રિસોર્સ સેન્ટરમાં, મગજનો લકવો તેમજ બૌધ્ધિક અક્ષમતા ધરાવતાં બાળકો દ્વારા, અનોખી રીતે **જન્મ દિવસની ઉજવણી** કરવામાં આવેલ. તેમજ બાળકના વાલી તરફથી આઈસ્ક્રીમ તથા નાસ્તો કરાવવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું આયોજન સેન્ટરના વિશિષ્ટ શિક્ષક શ્રી પંકજભાઈ કટકિયા દ્વારા કરવામાં આવ્યું.

### ૨. વાલી મિટીંગ તથા પરિણામ વિતરણ કાર્યક્રમ



તા.૨૭/૪ ના રોજ, પી.એન.આર. સોસાયટી નટરાજ સી.પી. સ્કૂલ, વિકાસ પ્રોજેક્ટ, ઓટિઝમ પ્રોજેક્ટની **વાલી મિટિંગ** તથા **પરિણામ વિતરણ** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓને આવતાં વર્ષમાં તેમના બાળકો માટે શૈક્ષણિક પ્લાન તથા નિરામયા હેલ્થ પોલિસી વિષે માહિતી આપવામાં આવી હતી.

### ૩. ડી.એસ.ઇ. (સી.પી.) ઇન્સ્પેકશન :-



તા.૧૦/૫ ના રોજ, નટરાજ ટ્રેનિંગ કોલેજમાં ડી.એસ.ઈ. (સી.પી.) નું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. વસીમભાઈ અને શ્રી અંજુબેન શાહ આવેલ. સમગ્ર સ્કૂલ, તેમજ ટ્રેનિંગ કોલેજ, લાઈબ્રેરી વિભાગની મુલાકાત લીધેલ. વિઝીટ બાદ તેમણે સંસ્થાની ખૂબ પ્રશંસા કરેલ. જેનું સમગ્ર સંચાલન શ્રી જિજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ, શ્રી વરૂણભાઈ વ્યાસ અને શ્રી રીનાબેન જાંબુચાએ કરેલ.

### ૪. બે દિવસીય સઘન તાલીમ:-




તા. ૦૮-૦૯/૪ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા, સંમિલિત શિક્ષણ પર શ્રીમતી આલોકા ગુહા, (ડિસએબિલિટી કન્સલ્ટન્ટ) દ્વારા **બે દિવસીય સઘન તાલિમ**નું આયોજન કરવામાં આવેલ. જે તાલિમમાં નટરાજ સી. પી.સ્કૂલ, અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, કે. એલ. બહેરાં મૂંગા શાળાના શિક્ષકોએ **સંમિલિત શિક્ષણ** વિષે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા
અને પ્રદીપભાઈ ભટ્ટ



## પી. એન. આર. હૉસ્પિટલ

**માર્ચ-૧૭ થી એપ્રિલ-૧૭ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૩૧૨ | ૧૬ (૪ પોલિયો) |
| આંખ | ૬૨૮ | ૧૫૧ |
| છારી કાઢેલ | - | ૩૨ |
| ઈ.એન.ટી. | ૫૪૦ | ૨૬ |
| ઓર્થોસ્કોપી | ૪૨ | ૨ |
| પ્લાસ્ટિક સર્જરી | ૧૦૭ | ૨૪ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૩૦ | ૬ |
| ડેન્ટલ | ૧૯૧ | ૮૬ |
| જનરલ ઓપીડી | ૧૦૩૮ | - |
| હોમિયોપેથી | ૩૬૨ | - |
| એક્ષ-રે | ૧૭૬ | - |
| લેબોરેટરી | ૫૯૭ (દર્દી) | ૧૭૯૭ (ટેસ્ટ) |
| ત્રાંસી આંખ | ૭૪ | ૨૦ |
| રસીકરણ | ૮૯ | - |



પી.એન.આર. હોસ્પિટલમાં સાંધા બદલવાના ઓપરેશન કરવામાં આવે છે. ઈમ્પ્લાન્ટ રીપ્લેસમેન્ટના સ્થાને, ફક્ત જોઈન્ટમાં નવી ટેકનોલોજી મુજબ,**'હાફ ની'** (અડધા ભાગના ગોઠણ) રીપ્લેસમેન્ટ કરી, ડૉ. પિનાકીન વોરા તથા ડૉ. ઉજ્જવલ ડેલીવાલા તરફથી સફળ ઓપરેશન કરવામાં આવેલ.

# "જાળેલા વિશાલની એક બંધ આંખની દુર્લભ સર્જરી-ફરી દેખતો થયો"

તાજેતરમાં પી.એન.આર. હોસ્પિટલમાં મુંબઈથી દર મહિનાના પહેલાં અઠવાડિયે આવતાં ચિલ્ડ્રન ઓપ્થેલ્મિક સર્જન ડૉ. જનક શાહે, શિહોર તાલુકાના ભાંખલ ગામના ૧૨ વર્ષના કિશોર **જાળેલા વિશાલ**ની એક **બંધ આંખ**નું સફળ ઓપરેશન કરીને તેને દ્રષ્ટિ આપી છે. **P'tosis** નામની સર્જરી કરીને **Sling** મુકીને આ સર્જરી કરવામાં આવી. દિવાલ પર લટકાવેલી બરણી ઉતારતા લોખંડનો આંકડીયો વાગવાથી આ કિશોરની આંખના સ્નાયુઓને નુકશાન થયું હતું. સારવાર માટે આ ગરીબ પરિવારે અગાઉ જુદી-જુદી જગ્યાએ બે વખત ઓપરેશન કરાવ્યાં હતાં, પરંતુ આંખ ખૂલતી ન હતી. આઠમાં ધોરણમાં અભ્યાસ કરતાં આ વિશાલને ભણીને **શિક્ષક** થવું છે. પિતા હયાત નથી, માતા દયાબેન મજુરી કરીને પરિવારનું ભરણપોષણ કરે છે. હવે તેની બીજી આંખમાં પણ દ્રષ્ટિ આવતાં, તે પોતાના કુટુંબનો સહારો બનીને, પોતાનું સ્વપ્ન સારી રીતે સિધ્ધ કરી શકશે.





# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

## સકસેસ સ્ટોરી

**નામ : વાણીયા મુકેશ જીવાભાઈ**
**ગામ : વિકળીયા, તા. ગઢડા, જિ. બોટાદ**

પગની વિકલાંગતા ધરાવતો મુકેશ વાણિયા, ધો.૧૨ પાસ કર્યા પછી સ્વનિર્ભર થવા સતત ચિંતીત રહેતો. આર્થિક સ્થિતિ ખુબજ નબળી હતી, તેથી આગળ અભ્યાસ કરી શકે કે કોઈ એવા ધંધામાં પણ રોકાણ કરી શકે, તેવી પરિસ્થિતિ ન હતી. ભણતો ત્યારે, માતા-પિતા સાથે ખેતમજુરી કરવા જતો હતો. **કોમ્પ્યુટર કોર્સ** કરવાની તેની ખુબ જ ઈચ્છા હતી, કારણકે આગામી સમયમાં કોમ્પ્યુટર આવડવું ખુબજ મહત્વનું હતું. પરંતુ કોમ્પ્યુટર કોર્સ કરી શકે તેવી આર્થિક પરિસ્થિતિ ન હતી. પી.એન.આર. સોસાયટી દ્વારા અપાયેલી ન્યુઝ પેપરમાં જાહેરાત મારફત તેને જાણવા મળ્યું કે વિકલાંગો માટે કોમ્પ્યુટર કોર્સ તથા રહેવા જમવાની સગવડ, પી.એન. આર. સોસાયટી સંચાલિત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં છે. આ માહિતીના આધારે મુકેશે, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં **બેઝિક કોર્સ** માં એડમિશન મેળવ્યું. અને ખુબજ મહેનત કરી. બેઝિકનો કોર્સ ત્રણ મહિનાનો હતો, પરંતુ તે લગભગ બે મહિનામાં જ કોમ્પ્યુટર સારી રીતે શીખી ગયો. બેઝિક કોર્સ ઉપરાંત,



**ફોટોશોપ** અને **એકાઉન્ટિંગ** નો કોર્સ પણ કર્યો. કોમ્પ્યુટર શિખી જતાં, ઓટો રીસ્ક મેનેજમેન્ટ કંપની, અમદાવાદમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી મળી, ત્યારે તેનો પગાર રૂા. ૫૦૦૦/- હતો. હાલમાં મુકેશ કમિશ્નર ઓફ જીઓલોજી એન્ડ માઈનિંગ ડિપાર્ટમેન્ટ, કલેકટર કચેરી, ભાવનગર ખાતે, કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરે છે. અને રૂ. ૮૦૦૦/- પગાર મેળવે છે. તેણે સંસ્થાનો આભાર માનતા જણાવ્યું કે ''આ સંસ્થાના આધારે હું મારા જીવનમાં ખુબ જ આગળ વધ્યો છું, જો આ સંસ્થાએ મને મદદ ન કરી હોત, તો મારામાં આટલું કોમ્પ્યુટર જ્ઞાન ન હોત''.

## વાંચકો લખે છે

સ્નેહીશ્રી,
**અનંતભાઈ કે. શાહ**

**"સફળતાનું રહસ્ય"** હાથમાં આવ્યું. (પુસ્તકના સ્વરૂપમાં) ખૂબજ ગમ્યું. દરેક વિકલાંગે સમજવાની જરૂર છે, એવું આ પુસ્તકમાં છે. જીવંત ઉદાહરણ અને તે પણ ગુજરાતના વિકલાંગો માટે ખૂબજ પ્રેરણાદાયી છે.

તમામ પ્રકારની કેટેગરીના વિકલાંગોને સમાવીને, તેના ફોટા સાથેના ઉદાહરણ અનુકરણીય છે. આપશ્રીને, સંપાદકશ્રી ને તથા પી. એન. આર. સોસાયટીના તમામ હોદ્દેદારોને ખૂબ-ખૂબ અભિનંદન.

આભાર સહ...
**કે. જે. શેલાર**
ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડિકેપ્ડ, અમદાવાદ.





# સંક્ષિપ્ત સમાચાર

લીલા ચૌહાણ
અને વૈશાલી યોગી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### ૧. એડમિશન :

શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળામાં નર્સરીથી ધો. ૧૨ (કોમર્સ) સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. જેની એડ્મિશનની પ્રક્રિયા હાલ શાળામાં શરૂ છે.

### ૨. કોકલિયર ઈમ્પ્લાન્ટ માર્ગદર્શન :

શાળામાં, કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાવેલાં બાળકોનો વર્ગ સાંજે ૩:૦૦ થી ૬:૩૦ ચાલે છે. ભાવનગરની અલગ-અલગ શાળામાં ઈન્ટિગ્રેટ થયેલાં આવા ૬ બાળકો આ વર્ગમાં માર્ગદર્શન માટે આવે છે. આવતાં વર્ષ માટેના પ્રવેશકાર્યની કામગીરી હાલ શરૂ છે.

### ૩. વાર્ષિક વાલી મિટિંગ - પરિણામ:-

વર્ષ ૨૦૧૬-૧૭ ની વાર્ષિક મિટિંગ તા. ૨૭/૪/૧૭ ના રોજ મહાવીર ઓડિટોરિયમમાં યોજવામાં આવી. જેમાં લગભગ દરેક બાળકના વાલીએ હાજરી આપી હતી અને પોતાના બાળકો વિશે માહિતી મેળવી હતી. ત્યારબાદ વર્ગશિક્ષક પાસેથી બાળકનું પરિણામ મેળવીને સૌ છૂટા પડેલ.

### ૪. માર્ચ ૨૦૧૭ માં લેવાયેલ SSC અને HSC બોર્ડ Exam નું ઉજ્જવળ પરિણામ:-

શ્રી ખી.લ.બહેરાં મૂંગા શાળાનું ધો. ૧૦ નું પરિણામ આ વર્ષે ૯૪.૧૪% આવેલ છે. જેમાં પ્રથમ રાજન ધંધુકિયા ૫૯% સાથે, દ્વિતીય શાહનવાઝ મહેતર ૫૭.૮% સાથે તથા તૃતિય ગોપીરાજ ગોહિલ ૫૭% સાથે ઉત્તીર્ણ થયેલ છે. ધો. ૧૦ માં કુલ ૩૪ વિદ્યાર્થી ઉત્તીણ થયાં છે. તથા ધો. ૧૨ કોમર્સનું ૮૭.૫૦% પરિણામ આવેલ છે. ધો. ૧૨ માં પ્રથમ હિતેષ ચાંદનાણી ૫૧.૮૭%, દ્વિતીય રેખા ભાનુશાળી ૪૯.૦૭% તથા તૃતીય જીત ચુડાસમા ૪૮% સાથે ઉત્તિર્ણ થયેલ છે. ધો. ૧૨ માં કુલ ૧૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. (સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, મંત્રીશ્રી તથા આચાર્યશ્રીએ સૌ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે.)

### ૫. છાત્રાલય સમાચાર :

**"છાત્રાલયના બાળકોએ ઉનાળુ વેકેશનમાં ઘરે જતાં પહેલાં કરેલ મોજ..."** બાળકોની વાર્ષિક પરીક્ષા પૂરી થતાં, તેઓ પોતાના ઘરે જતાં પહેલાં હોટલમાં જમવા જવાની ખૂબજ ઈચ્છા હોવાથી તા.૨૬/૪/૧૭ ના રોજ ગૃહમાતાશ્રીઓ દાતાશ્રીનો કોન્ટેક કરીને, **રંગોલી પાર્ક**માં અવનવી રાઈડસની મોજ સાથે, બાળકોને અત્યંત પ્રિય એવા પીત્ઝા, નુડલ્સ/આઈસ્ક્રીમની ભેટ આપેલ.

સંસ્થાના મંત્રીશ્રી, છાત્રાલયના ચેરમેન, ગૃહમાતાઓ, ટ્યુશન શિક્ષક વિગેરેની સાથે, બાળકોએ ખૂબજ આનંદ કરેલ.

## શ્રવણમંદ શાળાના બાળકોની સાંસ્કૃતિક સિધ્ધિઓ

- વાર્ષિક મિટીંગ પૂરી થયા પછી તારીખ ૨૮/૪/૧૭ ના રોજ ભાવનગરના ગંગાજળિયા તળાવ ખાતે, **ભાવનગરના ૨૯૫ માં જન્મદિવસ** નિમિતે એક કાર્યક્રમ યોજાયો. જેમાં શાળાના બાળકો દ્વારા **"કૃષ્ણલીલા"** રજૂ કરવામાં આવી. જે કૃતિએ ખૂબજ લોકચાહના મેળવી. બધાએ કૃષ્ણલીલાની સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ.
- તા. ૨૯/૪/૧૭ ના રોજ, **વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન** અંતર્ગત એક કાર્યક્રમમાં, શાળાના બાળકો દ્વારા કૃષ્ણલીલા રજૂ થઈ. જેને વૈષ્ણવ સંપ્રદાયના સભ્યોએ ખૂબજ બિરદાવી.
- તા.૫/૫/૧૭ ના રોજ ઈસ્કોન મેગાસીટી પરિવાર આયોજીત ભાગવત સપ્તાહમાં શાળાના બાળકો દ્વારા **"કૃષ્ણલીલા"** કૃતિ રજૂ થઈ. જેને બધાજ ભકતોએ ખૂબજ બિરદાવી અને લગભગ રૂા. ૨૫,૦૦૦/- ના વિવિધ ઈનામો આપ્યા અને બાળકોને પ્રોત્સાહિત કર્યા.





# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. કાજલબેન એમ. બોરડ



## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

### ૧. ની-બ્રેસના કેમ્પ :

માર્ચ-એપ્રિલ ૨૦૧૭ દરમિયાન કુલ ૮ **ની-બ્રેસના** કેમ્પ કરવામાં આવેલ હતાં. જેમાં મદ્રાસ, જયપુર, એહમદનગર, કોઈમ્બતૂર, સેલમ, જલંધર, લુધિયાણા, પૂના મુકામે કેમ્પ કરવામાં આવેલ હતાં. જેમાં કુલ મળીને આશરે ૩૩૦ લાભાર્થીઓને કુલ ૭૨૫ જેટલી ની-બ્રેસ પૂરી પાડવામાં આવી હતી. ની-બ્રેસના ઉપયોગથી ની રીપ્લેસમેન્ટની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘૂંટણના દુઃખાવામાં રાહત રહે છે.

### ૨. ઓ.પી.ડી. :

લોકલ લેવલે માર્ચ-એપ્રિલ ૨૦૧૭ દરમિયાન કુલ ૮૭ જેટલાં લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે, જેમાં લાભાર્થીઓને આશરે ૯૫ જેટલાં જુદા-જુદા સાધનો જેવા કે, આર્ટિ. હેન્ડ, આર્ટિ. લેગ, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ડ, ની-બ્રેસ વિગેરે સાધનો પૂરા પાડેલ છે તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ, ફક્ત ટોકન પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ હતું.


### ૩. કૃત્રિમ હાથ-પગનો કેમ્પ :


તા.૨૧ થી ૨૫ એપ્રિલ દરમિયાન વાપી મુકામે, **કૃત્રિમ હાથ-પગનો કેમ્પ** કરવામાં આવેલો હતો. જેનું દીપ પ્રાગટય સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ તથા અન્ય રોટરીના અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવેલ. તેમાં ૧૧૦ દર્દીઓને તપાસી કૃત્રિમ હાથ-પગ તેમજ કેલીપર અને અન્ય ૧૨૫ સાધનો પૂરા પાડવામાં આવેલાં હતાં. જે કેમ્પ દરમિયાન દરેક લાભાર્થીઓને રહેવાની તથા જમવાની સુંદર વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી.

# પી. એન. આર. હૉસ્પિટલમાં દાંતના ઝડબાનું ઑપરેશન

દાંતના દર્દી એવા શ્રીમતી સહાની દાનિયાદેવી રાજકુમાર (ઉ.વર્ષ. ૩૫) જેના ચહેરા અને ઝડબામાં રસી થઈ ગઈ હતી દાંતમાં ગાંઠ વિકસી જઈ, દાંત સડી ગયાં હતાં અને દાંતની કણી પેઢામાં રહી જતાં, પુષ્કળ પીડા ચાર માસથી સહન કરતાં હતાં. આ દર્દીનું પી. એન. આર. હોસ્પિટલમાં ડૉ. યતિન કોલકીયા (Oral & Maxillofacial Surgeon) દ્વારા, તા.૨૧-૪-૨૦૧૭ ને શુક્રવારે **મેજર ઓપરેશન રાહતદરે** કરવામાં આવેલ. જેથી દર્દીને સંપૂર્ણ રાહત થયેલ. આવું **ક્રિટીકલ ઓપરેશન** સફળતાપૂર્વક પાર પાડવા બદલ ડૉકટર અને હોસ્પિટલનો સ્ટાફ પ્રશંસાને પાત્ર બન્યો છે.









# સંક્ષિપ્ત સમાચાર

✍ જ્યોતિબેન ભટ્ટી

## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઈ.)



### ૧. ઈન્સ્પેક્ટર તરીકે નિયુક્તિ :-

RCI દ્વારા યોજાયેલ સંસ્થાના નવીનિકરણ અને નવી સંસ્થા શરૂ કરવા માટે આપણી સંસ્થામાં ટ્રેનિંગ કોલેજમાં કાર્યરત કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવને તા. ૮/૪/૧૭ ના રોજ પટેલ શિક્ષા સમિતિ, હરદાંઈ (યુ.પી.) અને તા.૧૫/૪/૧૭ ના રોજ મહર્ષિ દયાનંદ રીહેબિલિટેશન સેન્ટર, મથુરામાં નવા કોર્ષ શરૂ કરવા માટે ઈન્સ્પેકટર તરીકે નિયુકત કરવામાં આવ્યાં હતાં.

### ૨. વર્કશોપમાં ભાગ :-

રાષ્ટ્રીય બહુ વિકલાંગ સંસ્થાન, ચેન્નઈ અને નોર્થમ્પટન યુનિવર્સિટી, યુ.કે.ના સહયોગથી ચેન્નઈ ખાતેથી ૩ દિવસના Qualitative Research Method પર એક રાષ્ટ્રીય વર્કશોપ તા.૧૭ થી ૧૯ એપ્રિલ ૨૦૧૭ દરમ્યાન યોજવામાં આવેલ. જેમાં કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવે આપણી સંસ્થા તરફથી ભાગ લીધો હતો અને સરસ માહિતી મેળવી હતી. ડૉ.જયંતિ નારાયણ અને ડૉ. હિમાંશુ દાસે (ડાયરેક્ટર, NIEPMD) ચેન્નઈ, જેઓ રીસોર્સ પર્સન તરીકે Qualitative Research પર માહિતી આપેલ હતી.

### 3. CBR Project :-

ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં D.Ed. 4th Sem ના નવા વિદ્યાર્થીઓ અભ્યાસક્રમને અનુલક્ષીને Community Based Rehabilitation Project અંતર્ગત તળાજા મુકામે હમીરપરા, નેસવડ અને ભાંખલ ગામે તા.૧૮/૪ થી તા.૨૨/૪ સુધી દિવ્યાંગ બાળકોનો સર્વે કર્યો હતો. ગામમાં દિવ્યાંગતાને લગતાં સૂત્ર દિવાલો પર લખાવી અને વાલી મીટિંગ કરી, દિવ્યાંગતા અનુસાર Intervention માટે તેમજ પુનઃસ્થાપન માટેનું માર્ગદર્શન પુરું પાડયું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી નીતિનભાઈ નિમાવતે કર્યું હતું.

### ૪. શાળામાં વર્કશોપનું આયોજન :-

તા. ૨૮ અને ૨૯ એપ્રિલ ૨૦૧૭ ના બે દિવસ માટે એક વર્કશોપ “Classroom Teaching Strategies & Techniques” વિષય પર યોજવામાં આવ્યો હતો. જેમાં મુંબઈથી આવેલ શ્રીમતી લત્તાબેન નાયક દ્વારા વર્ગશિક્ષણ અંગે ખૂબ જ વિસ્તૃત, તેમજ રસપ્રદ રીતે છણાવટ કરવામાં આવી હતી. આ વર્કશોપમાં શાળાના શિક્ષકો ઉપરાંત ટીચર્સ ટ્રેનિંગ કોલેજના વ્યાખ્યાતાઓ તેમજ D.Ed. તેમજ B.Ed. ના દરેક વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ માર્ગદર્શન મેળવ્યું હતું.

### ૫. વિદાય સમારંભ :-

તા. ૩/૫/૧૭ ના રોજ TTC માં B.Ed. (HI) (૨૦૧૫-૧૭) ના આઠ વિદ્યાર્થીઓની અંતીમ પરીક્ષાઓ પુરી થતાં તેઓનો વિદાય સમારંભ મહાવીર ઓડિટોરિયમમાં યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના ટ્રસ્ટીશ્રીઓ, મંત્રીશ્રી, પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના પ્રિન્સિપાલશ્રીઓ, તેમજ TTC સ્ટાફ અને મુલાકાતી શિક્ષકો, તેમજ શાળાના શિક્ષકો અને દરેક તાલિમાર્થીઓ ઉપસ્થિત રહયાં હતાં. જેનું દીપ પ્રાગટય દ્વારા ઉદ્ઘાટન કરી, કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં વિવિધ પ્રાંતના વિદ્યાર્થીઓએ મળીને ગરબો, રાજસ્થાની નૃત્ય, ડાન્સ, ગીત વગેરે રજૂ કર્યાં હતાં. શ્રી બાબાભાઈ, શ્રી ધંધુકિયાભાઈ, શ્રી અશ્વિનભાઈ પંડયાએ દરેક વિદ્યાર્થીઓને પ્રગત્તિ કરે તેવી શુભેચ્છાઓ આપી હતી. B.Ed. ના વિદાય લેતાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવ વિશે જણાવ્યું હતું. તેમજ તેઓને કોલેજ તેમજ શાળામાંથી ખૂબજ જાણવા મળ્યું છે અને દરેકનો ખૂબ જ સહકાર મળ્યો છે તેમ જણાવ્યું હતું. કોલેજ તરફથી દરેક વિદ્યાર્થીઓને તેમની વિશેષતા મુજબ લખાણ કરીને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન TTC ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું તથા માર્ગદર્શન શ્રી સંતોષભાઈ યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ૬. મૌખિક પરીક્ષા :-

તા.૨૭/૪/૧૭ ના રોજ B.Ed. (HI) (૨૦૧૫-૧૭) ની બેચના 4th Sem ના આઠ વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ એરીયા $F_2$ અને $F_3$ ની મૌખિક પરીક્ષા, આંતરિક પરીક્ષક શ્રી જયોતિબેન, શ્રી નિતીનભાઈ તેમજ શ્રી સોમક્રિષ્ણન દ્વારા લેવામાં આવી હતી.

### ૭. ઈન્ટર્નલ પરીક્ષા :-

તા. ૮-૯ મે,૧૭ના રોજ D.Ed. 2nd અને 4th Semના ૨૭ અને ૯ વિદ્યાર્થીઓની ઈન્ટર્નલ પરીક્ષાઓ લેવામાં આવી.

### ૮. શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન :-

તા. ૯/૫/૧૭ ના રોજ B.Ed. 4th Sem ના આઠ વિદ્યાર્થીઓ દ્વારા સ્વયંનિર્મિત વિવિધ વિષય માટે ઉપયોગી શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન યોજવામાં આવ્યું.



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## ‘અંકુર’ મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. વિશિષ્ટ સિધ્ધિ :-



તા. ૨૨/૪/૧૭ થી ૨૩/૪/૨૦૧૭ હિંમતનગર ખાતે, મિનિસ્ટ્રી ઓફ યુથ એફર્સ એન્ડ સ્પોર્ટસ (M.Y.A.S.) દ્વારા, રાજયકક્ષાની **વિવિધ ગેઇમ્સ** નું આયોજન કરવામાં આવેલ. જેમાં ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના ૧૦ બાળકોએ ભાગ લીધેલ. જેમાંથી **૫** બાળકોએ **ગોલ્ડ મેડલ** તેમજ **૪** બાળકોએ **સિલ્વર મેડલ** પ્રાપ્ત કરી, રાજયકક્ષાએ અંકુર શાળાનું ગૌરવ વધારેલ. આ રમતોત્સવમાં શાળાના શિક્ષક શ્રી જયપાલભાઈ, શ્રી હરદીપભાઈ તેમજ શ્રી મોનાલીબેને બાળકોની સાથે રહી ખૂબ જ સરાહનીય કામગીરી બજાવેલ.

### ૨. વાર્ષિક વાલી મિટિંગ :-



તા.૨૫/૪ ના રોજ શાળાની વાર્ષિક વાલી મિટીંગ યોજાયેલ. શિક્ષક શ્રી પ્રજ્ઞાબેન ગોહેલ દ્વારા સુંદર રીતે શ્લોકગાનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ આવેલ મહેમાનોનું શિક્ષક શ્રી જયપાલભાઈ ગોહિલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિના લેખા-જોખા રજૂ કરવામાં આવેલ. માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા શાળા અંગેની વાતો કરી, પોતાના વિચારો સુંદર રીતે રજૂ કરેલ. કારોબારી સભ્ય શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ દ્વારા શાળા-વાલીઓ અંગેની વિવિધ ભૂમિકાઓ અંગે વિશેષ વકતવ્ય આપવામાં આવેલ. શાળાના શિક્ષક શ્રી હરદીપભાઈ કામળિયા દ્વારા, વાલીઓને જનરલ સુચનાઓથી માહિતગાર કરવામાં આવેલ. ત્યારબાદ વાલીઓનો અભિપ્રાય મેળવવામાં આવેલ. તેમજ બાળકોને ખૂબજ કાળજીપૂર્વક અને માવજતથી લાવવા લઈ જવાની સુંદર કામગીરી નિભાવવા બદલ, દરેક રીક્ષાચાલકભાઈનું સન્માન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન શિક્ષક શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવેલ અને સંચાલન શ્રી રાધિકાબેન રાઠોડ અને આભારવિધિ શ્રી રેશ્માબેન શાહ દ્વારા કરવામાં આવેલ.

### ૩. ‘વિશ્વ ઓટિઝમ દિવસ’ની ઉજવણી :-




તા.3/૪ ના રોજ **‘વિશ્વ ઓટિઝમ દિવસ’** ની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ભાવનગર શહેરના ખ્યાતનામ પિડિયાટ્રિશ્યન ડૉ. શ્રી ધવલભાઈ સોલંકી દ્વારા, ઓટિઝમ બાળકો અંગેની ખૂબ જ અગત્યની માહિતીઓ **પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન** દ્વારા રસપ્રદ અને સરળ શૈલીમાં રજૂ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શાળાના સ્ટાફ મિત્રો તેમજ ઓટિઝમ બાળકોના વાલીઓ ઉપસ્થિત રહેલ.

## ૪. અમારું ગૌરવ :-



VYO વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન - ભાવનગર દ્વારા, તાજેતરમાં યુવા વૈષ્ણવાચાર્ય પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજરાજ કુમારજી મહોદયશ્રીના મંગલ સાનિધ્યમાં મેમ્બર્સની શપથવિધિ, શ્રેષ્ઠીશ્રીઓનું સન્માન તેમજ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના માનદ્ ટ્રેઝરર શ્રી વિનોદરાય એન. હકાણીને **પોતાના મનોદિવ્યાંગ બાળકની અવર્ણનિય જવાબદારીઓ નિભાવવા બદલ**, તેમજ 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં અવિરત માનદ્ સેવા આપવા બદલ, પ.પૂ.ગો ૧૦૮ વ્રજરાજ કુમારજી મહોદયશ્રી, તેમજ શ્રી જીતુભાઈ વાઘાણી (પ્રદેશ પ્રમુખ, ભાજપ-ગુજરાત રાજય), તેમજ શ્રી વી. વી. વઘાસિયા (રાજયકક્ષાના મંત્રીશ્રી કૃષિ-શહેરી-ગૃહનિર્માણ) ના વરદ્ હસ્તે મેમેન્ટો આપી, સન્માનિત કરી તેમની વિશિષ્ટ સેવાઓને બિરદાવવામાં આવેલ.

# પાર્કિન્સન્સ ડે ની ઉજવણી

ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંલગ્નિત, કે.એલ. ઈન્સ્ટીટયુટના મહાવીર ઓડિટોરિયમમાં, મુંબઈ સ્થિત, પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મુવમેન્ટ ડિસઓર્ડર સોસાયટીના સહયોગથી, તા.૧૧ એપ્રિલની સંધ્યાએ, ભાવનગર ચેપ્ટરના **પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ** ના દર્દી-કમ લાભાર્થીઓ દ્વારા અને તેઓના માટે જ એક **રંગારંગ ઉજવણી** સતત ચોથા વર્ષે પણ આવેલ હતી. જેમાં સપોર્ટ ગ્રુપના ૧૫૦ પૈકી રેગ્યુલર આવતાં ૨૫ દર્દીઓ/લાભાર્થીએ ડૉ. ભાવીન વ્યાસ, સંસ્થાના પાર્કિન્સન્સ ગ્રુપના કો-ઓર્ડિનેટર શ્રી કે. ડી. પડિયા, આસિ.ચીફ એકિઝયુટિવ શ્રી પારસભાઈ શાહ, સહમંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી જીતુભાઈ મહેતા, શ્રી અશ્વિનભાઈ પંડયા (મંત્રી, કે.એલ.),શ્રી મફતભાઈ, અન્ય ટ્રસ્ટીગણ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહેલ હતાં. પ્રભુ પ્રાર્થનાથી સમારંભના પ્રારંભ બાદ, સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે પ્રસંગ પરિચય આપી, આરોગ્ય અને આનંદના પિયાસુ લાભાર્થીઓનું ભાવપૂર્ણ સ્વાગત કરેલ હતું. પાર્કિન્સન્સના દર્દીઓ માટે ઉપયોગી માહિતી-સ્વાનુભાવોનું વર્ણન, ગીત-સંગીત-જોકસ અને રમતોએ ડોપામાઈન અને સેરિટોનીનના સ્ત્રાવના હેપ્પી હોર્મોનોની વિધાયક અસરથી, વાતાવરણને હર્ષોલ્લાસથી ભરી દીધું હતું. આ ગ્રુપના શ્રી ઠકકરના જન્મદિવસ ઉજવણી નિમિત્તે વહેંચાયેલ ડાર્ક ચોકલેટ તથા અમારા પ્રચ્છન્ન હેમંતકુમાર, શ્રી કે.ડી. પડિયાના ગીત "બેકરાર કરો હમેં યું ન જાઈયે" એ રંગ જમાવી દીધો. મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ, આ સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ વિકલાંગતાઓમાં



દિવ્યાંગોની જન્મજાત અને અકસ્માતે આવતી વિકલાંગતાઓનો હવાલો આપી, વૃધ્ધાવસ્થાના ભાગરૂપે આવતી કોઈને કોઈ અનિવાર્ય બિમારીને હળવાશથી લઈ, "મોજમાં રહેવાનો" સંદેશ આપ્યો. પ્રયત્નો કરવા છતાં, દર્દી-કલાકાર પી.એન.આર. સોસાયટી પ્રત્યેનો પોતાને મળતી સુવિધાઓ, દવાઓ, માર્ગદર્શન અને મહેમાનગતી માટે અનુગ્રહનો ભાવ વ્યકત કરવાનું રોકી શકતાં ન હતાં.

કાર્યક્રમને જીવંત અને રસપૂર્ણ બનાવવા માટે શ્રી ભદ્રાયુભાઈ તથા શ્રી વિજયભાઈની સંગીત સહાય, ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. ભાવીનભાઈ વ્યાસ તથા ડૉ. અમિત મિત્રાની જહેમત દાદ માંગી લે તેવી હતી. કાર્યક્રમની પ્રસ્તુતિ, ગ્રુપનાથી શ્રી ભુપેન્દ્રભાઈ પંડયા દ્વારા તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ હતી.

# અમો ઋણી છીએ દાતાઓના

## ૧ એપ્રિલ - ૨૦૧૭ થી ૩૧ મે - ૨૦૧૭ સુધી
## રૂ. ૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી

## P. N. R. SOCIETY

### (80-G)

| | |
|---|---|
| In. Memory Of Late Shri Sitinchandra Jayamtilal Shah - Bhavnagar | 7000 |
| Shri M.K.Shah Charity Trust - Mumbai | 50000 |
| Shri Dhimantbhai Somabhai Patel - Bhavnagar | 12100 |
| Shri Rupa Chittaranjan Shah - Mumbai | 30000 |
| Shri Pradipbhai M. Mehta - Mumbai | 10000 |
| Shri Shobhaben Bansal - Bhavnagar | 11000 |
| Shri Madgavkar Trust - Mumbai | 50000 |
| Shri Kirti Anantrai Bhuta - Mumbai | 20000 |
| Shri Navnat Vanik Association Of The United Kingdom - Hayes,Ub3 1ar | 30000 |
| Shri K.N.Shah Charitable Trust-Mumbai | 1000000 |

### (FCRA)

| | | |
|---|---|---|
| Shri Sangeeta Iyer - USA | $ | 100 |
| Shri Sheila Rajamani - USA | $ | 100 |
| Shri Radhekrishna B Kasat - USA | $ | 150 |
| Shri Neil Kapadia - USA | $ | 1500 |
| Shri Jayesh & Neethi Patel - USA | $ | 365 |
| Shri Amrendra Singh - USA | $ | 51.50 |
| Shri Praful Shah - USA | $ | 1500 |
| Shri Kanaiyalal & Beena Hathi - USA | $ | 1525 |
| Shri Uday Kapadia - USA | $ | 365 |
| Shri Indira Rao - USA | $ | 240 |
| Shri Gunvantrail Shah - USA | $ | 5000 |
| Shri Subhash Vora - USA | $ | 1500 |
| Shri Kamlesh & Devika Shah - USA | $ | 1500 |

## K. L. INSTITUTE FOR THE DEAF

### (80-G)


| | |
|---|---|
| Lt.Vijayaben Ramnikbhai Ajmera - Bhavnagar | 3000 |
| Lt.Jawaharbhai Jaypaldas Sukheja - Bhavnagar | 1500 |
| Shri Prem J. Sukheja - Bhavnagar | 1500 |
| Dr.J.G. Parekh - Navsari | 3000 |
| Shri Dilipbhai Gokuldas Udeshi - Mumbai | 25000 |
| Shri Kishorebhai Balar - Bhavnagar | 5000 |
| Lt.Aniruddhsinh Dilubha Jadeja - Bhavnagar | 2000 |
| Shri Alkaba A. Jadeja - Bhavnagar | 2000 |
| Shri Kairviben K. Shah - Bhavnagar | 2055 |
| Shri Bhartiben Pravinbhai Goti - Vijapadi, Savarkundla | 10000 |
| Shri Vinodray R Shah - Mumabi | 30000 |
| Shri Ankitbhai Rajgor - Bhavnagar | 3600 |
| Shri Vamanrai Vrajlal Parekh - Mumbai | 2100 |
| M/S. Iscon Megacity Parivar - Bhavnagar | 19100 |
| Shri Chandrakant Mulchand Shah - Mumbai | 93000 |
| Shri Bharatbhai Gandhi - Bhavnagar | 1000 |
| M/S. Janak Enterprise - Bhavnagar | 5000 |
| Shri Poojaben Dabhi & Laljibhai Dabhi-Bhavnagar | 5000 |
| Shri Niranjanaben Navneetray Shah - Somnath | 3001 |
| Sheri Prakash R. Muni - Mumbai | 15000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

### (80-G)

| | |
|---|---|
| Shri Mahendrabhai B. Maniyar - Bhavnagar | 10000 |
| Shri Sureshbhai Dhirajlal Marthak - Mumbai | 7000 |
| Shri Bhavin Dhaneshchandra Joshi - Bhavnagar | 2500 |
| Shri Pravinbhai Makodbhai Sonani - Bhavnagar | 1500 |

## ભાવાંજલિ



નાટરાજ કોલેજ ખાતે, તા.૧/૫/૧૭ ના રોજ શ્રી પારસભાઈ શાહ (આસિ. ચિફ એકિઝકયુટિવ) ના પિતાશ્રી ચંદુલાલ હરિલાલ શાહ, ઉંમર વર્ષ ૮૦ નું નિધન થતાં, તેઓશ્રીના આત્મશ્રેયાર્થે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ હતું અરિહંત શરણે પ્રસ્થાન કરતાં પવિત્ર આત્માને, મહામંત્ર નવકાર અને શાંતિ પ્રાર્થનાઓ સાથે શાહ પરિવાર, દાદા ભગવાન પરિવાર તથા પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાના ટ્રસ્ટીગણ, વિશિષ્ટ શિક્ષકગણ, કર્મચારીઓ અને સ્નેહીજનોએ તેઓના આત્મશ્રેયાર્થે પ્રાર્થના કરેલ હતી.

**ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**

પ્રતિ, **શ્રી કિરીટભાઇ રાઠોડ,**

**'જીવનનો ધબકાર' :** મને શ્રી લાભુભાઈનું પુસ્તક મળી ગયેલ છે, તે બદલ આપનો આભાર. **"સફળતાનું રહસ્ય"** પુસ્તક મોકલવા માટે વિનંતી. 'કોશિશ' ના અંકો દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓની જાણકારી થાય છે, આભાર.

**- શ્રી ભોગીલાલ મણીલાલ મહેતા, મુંબઇ.**



'અંકુર' સંસ્થાની
ખૂશખૂશાલ
દિવ્યાંગ બાળાઓ



દિવ્યાંગોની વિશિષ્ટ સિદ્ધિઓ



'અંકુર' સંસ્થાનો
દિવ્યાંગ તબલાવાદક

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 June - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com